# સાબરકાંઠાના ચાર તાલુકામાં વૈશાખે અષાઢનો અહેસાસ

હિંમતનગર, તા. ૯

ઉત્તર ગુજરાતના મેઘરજ, બાયડ, ખેડબ્રહ્મા અને વિજયનગર સહિત કેટલાક તાલુકામાં આજે વાતાવરણમાં અચાનક નાટ્ય રૂપે પલટો આવતા સાંજે ૪ વાગ્યાના અરસામાં એકાએક વાદળછાયા વાતાવરણ વચ્ચે ભર ઉનાળે માવઠુ પડ્યું હતું. અંદાજે સાંજે ૪ થી ૪.૨૫ સુધી એટલે કે ૨૫ મિનિટ સુધી વરસાદ ખાબક્યો હતો.

મળતી માહિતી અનુસાર ઉત્તર ગુજરતના સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ, બાયડ, ખેડબ્રહ્મા અને વિજયનગર સહિત અનેક તાલુકાઓમાં ભર ઉનાળે આજે સાંજે અચાનક જ વાદલો છવાતા કમોસમી વરસાદ ખાબક્યો હતો.

સાંજે ચાર વાગ્યાના સમયે વાતાવરણમાં અચાનક જ પલટો આવતા આકાશમાં ઘેરા વાદળો છવાઈ ગયા હતા અને સામાન્ય પવન સાથે સાબરકાંઠાના ચાર તાલુકાઓમાં રહીશો અને ખેડૂતોને વૈશાખે અષાઢનો અહેસાસ થયો હતો. જ્યારે આ માવઠાથી ખેડૂતો ભારે ચિંતાતૂર બન્યા છે. આજે સાંજે ૪ થી ૪.૨૫ સુધી એટલે કે ૨૫ મિનિટ જેટલો સમય વરસાદ પડ્યો હતો અને આકાશમાં ઈન્દ્રધનુષ પણ નજરે પડ્યું હતું. ભર ઉનાળે પડેલા કમોસમી માવઠાથી ખેડૂતોના ઉભા પાક ઉપર ભારે નુકશાન થવાની સંભાવનાઓ સેવાઈ રહી છે. તો બીજી તરફ ગરમીથી પરેશાન પ્રજાજનોને ઠંડકનો અહેસાસ થવા પામ્યો હતો.

# ડીસાની આદર્શ હાઈસ્કૂલમાંથી લાકડું ભરીને નીકળેલી બે ઊંટલારી પકડાઈ



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૯

ડીસામાં આવેલ આદર્શ હાઈસ્કૂલમાંથી લાકડા ભરીને નિકળેલી બે ઊંટલારીને સ્કૂલ પાસેથી જ અધિકારીઓએ ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડીસામાં બસ સ્ટેન્ડ રોડ ઉપર આવેલ આદર્શ હાઈસ્કૂલમાંથી વૃક્ષો કાપી બે ઊંટલારીમાં લઈ જવાઈ રહી હોવાની બાતમીને આધારે નાયબ મામલતદાર ચૌહાણે મામલતદાર કચેરી સામેથી બન્ને ઊંટલારીઓ ઝડપી લઈ અહમદભાઈ શેખની પૂછપરછ કરતા તેની પાસેથી વૃક્ષ કાપવા અંગેનો પરવાનો માંગતા મળી આવેલ નહી. તેણે પુછપરછમાં જણાવ્યું હતું કે મને શાળાના આચાર્યએ વૃક્ષ કાપવાનું કહેતા અમોએ વૃક્ષ કપાવ્યા છે. મામલતદારે બન્ને ઊંટલારીમાં ભરેલ ૨૫૫૦ કિલો લાકડુ તેમજ ઊંટલારી કબજે લઈ વૃક્ષછેદન અધિનિયમ પ્રમાણે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારબાદ વિના પરવાનગીએ વૃક્ષો કપાવવા બદલ શાળાના આચાર્યને પણ નોટીસ પાઠવવામાં આવી હતી અને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ અને તેની આસપાસના માર્ગો પરથી પસાર થતા ઓવરલોડ વાહનોથી રહીશો પરેશાન

પ્રાંતિજ, તા. ૯

પ્રાંતિજ રેલવે સ્ટેશન રોડથી એપ્રોચ રોડ અને હાઈવેથી સાદોલિયા મહેસાણા જવાના ટૂંકા માર્ગ પરથી કપચી મેટલની ગાડીઓ ઓવરલોડ ડમ્પર સહિતના વાહનો પસાર થાય છે અને અંદર ભરેલ મેટલ તથા કપચી મોટા પ્રમાણમાં માર્ગ પર ઢોળાય છે. પરિણામે વારંવાર અકસ્માતો, વાહનોના ટાયરો ફાટી જવા સહિતના અનેક બનાવો બનતા રહીશો અને નાના વાહન ચાલકો ભારે તંગ આવી ગયા છે અને ભારે લોડીંગ વાહનો બંધ કરવા માંગણી કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ રેલ-વે સ્ટેશન રોડથી એપ્રોચ રોડ, હાઈ-વે થી સાદોલિયા મહેસાણા જવાના માર્ગ તથા વડાગામ સહિતના વિસ્તારોમાંથી રાત દિવસ કપચી મેટલ, ઈંટો, રેતી અને અન્ય માલ સામાન ભરેલા ભારે વાહનો અવરજવર કરે છે અને તેમાંથી ભરેલો ઘણો બધા માલસામાન માર્ગમાં ઢોળાય છે. આથી આ માર્ગ ઉપરથી પસાર થતા નાના વાહનોના ચાલકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. તો ઘણી વખત આ પથ્થર અને કપચીના કારણે દ્વિચક્રી વાહનો સ્લીપ ખાઈ જાય છે. પરિણામે વાહન ચાલકને ગંભીર ઈજાઓ થવા પામે છે તો કેટલાક માર્ગ અકસ્માતમાં વાહન ચાલકોના મૃત્યુ થવાના કિસ્સાઓ પણ બનવા પામ્યા છે. ત્યારે આ મામલે ગંભીર નોંધ લઈ સત્વરે આ ભારે વાહનોના ચાલકો સામે કાર્યવાહી કરે તેવું રહીશો ઈચ્છી રહ્યા છે.

## શ્રીનાથજી હવેલી મંદિરે પાટોત્સવ યોજાયો

તલોદ, તા. ૯

તલોદ નગરખાતે આવેલ શ્રીનાથજી હવેલી ખાતે ગત રવિવારે શ્રી ગોવર્ધનનાથજી પ્રભુનો તથા સર્વમંગળા દેવી મંદિરના પાટોત્સવનું ટ્રસ્ટી મંડળે આયોજન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

તલોદ ખાતે યોજાયેલા આ આનંદ મંગલ પાટોત્સવનો ભક્તિભાવપૂર્વક રંગેચંગે ઉજવવા પૈષ્ણવ પરિવારોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ ધાર્મિક પ્રસંગે ગોવર્ધનનાથજીનો ફૂલ મંડળી અને શ્રી નંદ મહોત્સવ યોજાયો હતો જેમાં ગોસ્વામી મધુસુદન લાલજી મહારાજ અમદાવાદથી ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સેંકડો દર્શનાર્થીઓએ પણ પૂજા અર્ચના અને દર્શન પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.



# ડીસા ખેતીવાડી ઊત્પાદન બજાર સમિતિ દ્વારા સંચાલિત

# વી.જે.પટેલ શાકભાજી અને ફળ-ફળાદી પેટા બજારના વેપારીઓ દ્વારા હોબાળો

સમગ્ર ઊતર ગુજરાત માં શાકભાજીના સૌથી મોટા ગણાતા વિ.જે.પટેલ શાકમાર્કેટ માં અત્યર સુધીમાં કોઈ પણ વાહન "વેશ માટે લોવાતી એન્ટ્રી કે ટેક્ષ ઊપરાંત વધારાના ૧૦૦.રૂ ડીપોજીટ પેટે ઊધરાવવામાં આવતા સમગ્ર માર્કેટ યાર્ડ ના ખેડૂતો મા રોશ વ્યાપયો હતો.

બુધવારે તમામ ખેડૂતો એ આ મમલે ભારે હોબાળો અને આડે ધડ ઊધરાવતા ૧૦૦ રૂ બાબતે ભારે ઓહાપોહ સર્જયો હતો. રૂા ઊધરાણુ બંધ નહી કરવામાં આવે તો માર્કેટ યાર્ડ બંધ કરવાની ચીમકી ઊચ્ચારી હતી..

ભારતીય કીસાન સંઘના નેઝા હેઢળ ખેડૂતો ને શાક માર્કેટ દ્વારા બેફામ પણે ૧૦૦ રૂ ની રકમ ઊધરાવવા મામલે ભારે રોશ કીસાન સંઘના "મુખે ભારે રોૈશ ઠાલવ્યો હતો.ખેડુતો ની ઊધાડી લુટ બાબતે સંચાલકો અને ચેરમોન ને રજીઆત કરી હતી...

# કૃષિ પ્રધાને અશ્વોની પ્રજાતિના સંરક્ષણ માટે રિસર્ચ સેન્ટર સ્થાપવા કરેલી માંગ

હિંમતનગર, તા. ૯

ગુજરાતમાં અશ્વોની પ્રખ્યાત બે પ્રજાતિઓ કાઠીયાવાડી અને મારવાડીના જિનેટિક અને જૈવ વિવિધતાના સંરક્ષણ માટે રાજ્યમાં ખાસ રિસર્ચ સેન્ટર સ્થાપવા માટે કૃષિ પ્રધાન દિલિપ સંઘાણીએ આજે કેન્દ્રિય કૃષિ પ્રધાન શરદ પવારને પત્ર લખ્યો હતો.

અશ્વની આ પ્રજાતિ પોતાની ચપળતા અને વફાદારી માટે પ્રખ્યાત છે અને આ બે પ્રજાતિના અશ્વોની લક્ષણો પર દેખરેખ રાખવા માટે સ્થાનિક સ્તરે ખાસ રિસર્ચ સેન્ટર સ્થાપવું જરૂરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસો દ્વારા પ્રજાતિના સંરક્ષણ સાથે તેની પરંપરાગત ઉછેરની પ્રક્રિયા અને આ પ્રાણીઓના ઉછેરમાં ઝડપી ફેરફારોને સમજી શકાશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્યના જુનાગઢ જિલ્લામાં બે હોર્સ બ્રિડિંગ ફાર્મ કાર્યરત છે, જ્યાં ૮૦ કાઠીયાવાડી અશ્વોનો ઉછેર કરવામાં આવે છે અને વૈજ્ઞાનિક રીતે તેની દેખભાળ કરાય છે. વધુમાં, પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે હોર્સ બ્રિડિંગ ફાર્મ સ્થાપવાનું કામ ચાલી રહ્યું છે, જ્યાં ૪૦ ઘોડી માટે ૪ તબેલા બાંધકામનું કામ ચાલી રહ્યું છે. તેમ શ્રી સંઘાણીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા છ દશકાના સમયગાળામાં અશ્વોની સંખ્યામાં ૮૨ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જે આ પ્રજાતિની લુપ્તતા સામે આપણને જાગૃત કરવા ઘંટડી સમાન છે. અને પશુવૈવિધ્યતા માટે જોખમરૂપ છે. કાઠીયાવાડી અશ્વોની સંખ્યા ઘટીને ૧૦,૦૦૦ની નીચે જતાં રહેતાં કેન્દ્ર સરકારે પણ તેને જોખમમાં મુકાયેલી પ્રજાતિ જાહેર કરી છે. આઈસીએઆર સાથે મળીને દેશના વિવિધ હિસ્સામાં અશ્વોની પ્રત્યેક પ્રજાતિને કેન્દ્રમાં રાખીને નેશનલ રિસર્ચ સેન્ટર શરૂ કરાયા છે. હરિયાણાના હિસાર ખાતે નવેમ્બર, ૧૯૮૫થી ઘોડા માટે નેશનલ રિસર્ચ સેન્ટર કાર્યરત છે. પરંતુ ગુજરાતમાં આ પ્રકારનું કોઈપણ સેન્ટર શરૂ કરાયું નથી.

અંતે મંત્રીએ અશ્વો માટે રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવા માંગ કરી હતી. આથી જોખમમાં મુકાયેલી પ્રજાતિને બચાવવામાં મદદ મળી રહેશે અને વિવિધ પ્રજાતિઓને લુપ્ત થવા અટકાવવામાં કેન્દ્ર સરકારના પ્રયાસોને બળ મળશે તેમ પત્રમાં જણાવ્યું હતું.


## ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


# ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટના અમલીકરણ માટે મૉનીટરીંગ કમિટિની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૯

દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેઈટ કોરીડોર અંતર્ગત હાથ ધરવામાં આવનાર ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટના અમલીકરણ માટે રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક મોનીટરીંગ કમિટિની રચના કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં દિલ્હી, મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેઈટ કોરીડોર બનાવવાનો એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રેલવે મંત્રાલય દ્વારા એક ડેડીકેટડ ફ્રેઈટ કોરીડોર બનાવવામાં આવનાર છે.

આ ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર દેશના ૬ રાજ્યોમાંથી પસાર થનાર છે. ૧૪૩૮ કિ.મી. લાંબા કોરીડોર પૈકી ૩૮ ટકા કોરીડોર ગુજરાતમાંથી પસાર થનારો છે. આ કોરીડોરના કન્સ્ટ્રક્શન અને મોનીટરીંગ માટે કેન્દ્ર સરકારે ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની રચના કરી છે જેનો મુખ્ય હેતુ આ કોરીડોરના વિકાસ માટેનો છે.

આ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન સંપાદન સહિતના અન્ય પ્રશ્નોના નિરાકરણ અને પ્રોજેક્ટના અમલીકરણ અને મોનીટરીંગ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં ઉદ્યોગ ખાણ વિભાગના અગ્રસચિવ માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવ મહેસૂલ વિભાગના અગ્ર સચિવ જીઆઈડીબીના મુખ્ય કારોબારી અધિકારી અને અમદાવાદ ડીએફસીસીઆઈએલના મુખ્ય પ્રોજેક્ટ મેનેજરનો આ સમિતિમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. આ મોનીટરીંગ કમિટિનું મુખ્ય કામ ડીએફસી પ્રોજેક્ટ માટે જમીન સંપાદનને લગતી બાબતો સહિતના અન્ય પ્રશ્નોનું મોનીટરીંગ કરવાનું છે.

# નાના ચેખલા ગામની પરિણીતાની છેડખાની થતાં પોલીસ ફરિયાદ

તલોદ, તા.૯

તલોદ તાલુકાના નાના ચેખલા ગામની નાયક સમાજની એક પરણેતર મહિલાએ પોતાના જ કુટુંબના સભ્યએ તેણીની એકલતાનો લાભ લેવાની કોશિષ કરી હોવાની ફરિયાદ તલોદ પોલીસ દફતરે નોંધાવી છે.

નાના ચેખલા ગામની નાયક પરિવારની આ મહિલાએ નોંધાવેલ પોલીસ ફરિયાદ અન્વયેની વિગત કંઈક એવી છે કે, ગામ-સમાજ અને લગભગ કુટુંબના જ એક સભ્ય એવા એક ઈસમે રવિવારે રાત્રે ૮ વાગ્યાના સુમારે તેણીની એકલતાનો લાભ લેવાની કોશિષ કરી હતી. સદર ઈસમે તેણીને બાથમાં લઈ છેડછાડ કરી અઘટિત માંગણી પણ કરી હતી. બચવાની કોશિષ કરી પ્રતિકાર કરવા જતાં મહિલાને તથા તેણીના પતિને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. આરોપીના દિકરાએ ફરિયાદણ બાઈના પતિના જમણા હાથ ઉપર લાકડીનો ઘા માર્યો હતો તથા બદઈરાદો ધરાવતા ઈસમની પત્નીએ પણ તેણીને ગાળો ભાંડી હતી. આ ત્રણે જણે ભેગા મળી એકબીજાની મદદગારી કરી આ ઘટનાની ફરિયાદ નોંધાવનાર અને કથિત ઘટનાનો ભોગ બનનાર મહિલાને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી.

ગુનાની તપાસ પુંસરી આઉટ પોસ્ટના હે. કોન્સ. દેવજીભાઈ લાખાભાઈ ચલાવી રહ્યા છે.

## જાહેર નિવિદા

ગેરેજ ખાતે બિનઉપયોગી પડેલ ભંગાર જેવા કે, વાહનોના પાર્ટસ, ટાયરો વિગેરેનો જાહેર હરાજીથી નિકાલ કરવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ તા. ૧૫-૫-૧૨ના બપોરના ૧૨-૦૦ વાગે નીચેના સરનામે હાજર રહેવું.

**ગેરેજનું સરનામું :**
**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ ગેરેજ,**
**સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની બાજુમાં,**
**જુના સચિવાલય પાસે, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૩૮૧૧૬**

**મેનેજર (ટ્રાન્સપોર્ટ)**

## જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૭, ડૉ. જે.એમ. ભવન, બ્લોક નં. ૨, ભોંયતળિયે, ગાંધીનગર ફોન નં. ૨૩૨૫૩૫૧૦ દ્વારા સે.૨૦ ખાતે ક-ટાઈપ બંગલા, સુધારા - વધારાનું કામ જેની અંદાજીત કિંમત રૂ. ૨.૫૦ લાખ સુધી છે. માટે ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાના ઈ-૨ કલાસ તથા ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ભાવપત્રક માંગવામાં આવે છે. સરકારશ્રીના તા. ૬-૮-૧૧ના પરિપત્રમાં જણાવ્યા મુજબ સુધારેલ કેટેગરી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ તથા તેને લગતા જરૂરી બેંક સોલવંશી, નર્મદા બોન્ડ વગેરે રજૂ કરવાનું રહેશે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૫-૫-૧૨ અને પરત મેળવવાની તા. ૨૩-૫-૧૨ છે.

આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલછે. આ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૬૮/૨૦૧૨-૧૩

## જાહેરાત

નિયામક, વિકસતી જાતી કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય ગાંધીનગર બ્લોક નંબર : ૩/૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરકારી કામકાજના ઉપયોગ માટે વાર્ષિક ભાડા કરારથી Digital Copier Machineની જરૂરીયાત છે. જેથી આ કામ કરવા ઈચ્છા ધરાવતા સ્થાનિક વેપારીઓ પાસેથી તા. ૧૫-૫-૨૦૧૨ સુધીમાં ભાવો મંગાવવામાં આવે છે. આ કામ કરવા ઈચ્છા ધરાવતા વેપારીઓએ ફક્ત કામગીરીન શરતો સરકારી કામકાજના સમય દરમિયાન અત્રેની કચેરીએથી તેમજ આ ખાતાની વેબસાઈટ Email : dire-dcw@gujarat.gov.in ઉપર જોવા મળશે.

સહી/-
(કે. જી. વણઝારા)
નિયામક

માહિતી/૨૭૨/૨૦૧૨-૧૩ વિકસતી જાતિ કલ્યાણ, ગુ. રા. ગાંધીનગર


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર — કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન